# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

સરકારી પોલિટેકનિક કેમ્પસ, ગદુકપુર, ગોધરા. જિ.: પંચમહાલ-૩૮૯૦૦૧


**નં. એસજીજીયુ/સ્પોર્ટ્સ/૨૦૨૨/** ૧૩૭૨૫ **તા.: ૧૨/૦૯/૨૦૨૨**

**પરિપત્ર-** ૨૮૨૬

**સંદર્ભ: સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ગોધરાનો તા.૨૪/૦૮/૨૦૨૨નો પત્ર ક્રમાંક જા નં:૩૭૮/૨૦૨૨-૨૩**

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો / પી.જી. કેન્દ્રો / ભવનોના આચાર્યશ્રીઓ / ઈન્ચાર્જશ્રીઓ, કૉ-ઓર્ડીનેટરશ્રીઓને જણાવવાનું કે નેશનલ સ્પોર્ટ્સ ડે સેલિબ્રેશન એક્ટિવેશન પ્રોગ્રામ અંતર્ગત ઉજવણી કરવા નિયત કરવામાં આવેલ છે. જે અંતર્ગત વિદ્યાર્થીઓને સ્પોર્ટ્સ પ્રત્યે વાતાવરણ બને અને પ્રતિભા ખેલાડીઓનું મુખ્ય મહેમાનો દ્વારા સન્માન થાય અને પ્રોત્સાહન મળે તથા શારીરિક અને માનસિક રીતે મજબુત બને અને વધુમાં વધુ ખેલાડીઓ, વિદ્યાર્થીઓ ભાગ લે તે માટે આપની કોલેજ/ સંસ્થામાં **તા. ૧૫, ૧૬, ૧૭ સ્પટેમ્બર ૨૦૨૨**માં તમામ કૉલેજના અધ્યાપકો, શા.શિક્ષણ પ્રાધ્યાપક અને વિદ્યાર્થીઓ જોડાય તે મુજબ આપની કક્ષાએથી કાર્યવાહી કરી **દિન-૦૨**માં નિયત પત્રકમાં ભરીને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ખાતે તથા ઈ-મેઈલ આઈડી – phyedu@sggu.ac.in પર મોકલી આપવાની રહેશે.

**કુલસચિવ**

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,**

**ગોધરા.**

ઈ. કુલ સચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
ગોધરા

**પ્રતિ,**

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા સલગ્ન તમામ કૉલેજો/ પીજી કેન્દ્રો અને ભવનોના આચાર્યશ્રીઓ / ઈન્ચાર્જશ્રીઓ/ કૉ-ઓર્ડીનેટરશ્રીઓ અને વિદ્યાર્થીઓ તરફ જાણ અને જરૂરી કાર્યવાહી અર્થે.**

સ્પોટર્સ ઓથોરીટી ઓફ ગુજરાત

જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગોધરા

કનેલાવ તળાવ પાસે, ગોધરા-૩૮૯૦૦૧, જી. પંચમહાલ, ગોધરા

(ઓ) ટે.નં. ૦૨૬૭૨-૨૬૫૭૨૨, પો.બો.નંબર-૧૦

seniorcoach.panchmahal@gmail.com


જા નં.૪૦૦/૨૦૨૨-૨૩ તારીખ-૧૨/૦૯/૨૦૨૨

## હુકમ સુધારો :-

રાજ્ય સરકાર દ્વારા તા.૨૯ સપ્ટેમ્બરથી ૧૨ ઓકટોબર,૨૦૨૨ દરમ્યાન ૩૬મી નેશનલ ગેમ્સ ગુજરાત રાજ્યમાં યોજાનાર છે, જેમાં ૩૬ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં રમતવીરો ૩૬ વિવિધ રમતોની સ્પર્ધામાં ભાગ લેનાર છે .આ ગેમ્સ ગુજરાતના ૬ શહેરો જેવા કે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ગાંધીનગર ખાતે યોજાનાર છે.આ ઐતિહાસિક રમતોત્સવમાં દેશભરમાંથી ૭૦૦૦ થી વધુ ખેલાડીઓ ભાગ લેનાર છે.

આ ૩૬મી નેશનલ ગેમ્સ બાબતે ગુજરાતના યુવાનો અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તે હેતુથી તથા શાળા, કોલેજ અને યુનિવર્સીટીમાં રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તે માટે રમત ગમત ની અને પ્રચાર-પ્રસાર ની પ્રવૃત્તિઓ કરી તમામ વિદ્યાર્થીઓ અને ખેલાડીઓની વિશાળ ભાગીદારી સાથે આગામી સપ્તાહ <u>તા.૧૨ સપ્ટેમ્બર થી તા. ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૨</u> દરમ્યાન **"Celebrating Unity through Sports"**ના થીમ હેઠળ **'National Games Awareness Campaign'** માટે તારીખ:- <u>૧૨ સપ્ટેમ્બર૨૦૨૨ ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે શેઠ પી ટી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ ગોધરા</u> ખાતે યોજાનાર હતો.

અનિભારે વરસાદનાં કારણે વડી કચેરી સંદેશા અનુસાર નવી તારીખ:-૧૫-૦૯-૨૦૨૨ આપવામાં આવેલ છે. જેનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે. જિલ્લાકક્ષાનો કોલેજ/યુનિવર્સિટીના કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે સુચારૂ આયોજન થાય તે માટે નીચે મુજબના અધિકારીશ્રીઓને તેઓની સામે જણાવેલ કન્વીનરોની સમિતિ બનાવી કામગીરીની સોંપણી કરવામાં આવે છે જે અંગેનું વિગતવાર પત્રક આ સાથે સામેલ રાખેલ છે.

સુજલ મયાત્રા
અધ્યક્ષ
અને કલેકટરશ્રી,
ગોધરા પંચમહાલ

<u>નકલ રવાના</u>

(1) પ્રતિ,સચિવ શ્રી સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત

(2) જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી કનેલાવ ગોધરા તરફ જાણ કરવા સારૂ

(3) સંબંધિત નિયુકત અધિકારી શ્રીઓ, જિ.પંચમહાલ તરફ જાણ સારૂ

## ૩૬માં નેશનલ ગેમ્સ એવરનેસ કેમ્પેઈન કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષા/તાલુકા કક્ષાએ કરવાના થતાં પંચમહાલ જિલ્લાની કોલેજોનું લીસ્ટ

| ક્રમ | તારીખ/સમય | કાર્યક્રમનું સ્થળ | ઉપસ્થિત રહેનાર મુખ્ય મહેમાનશ્રીનું નામ | મહાનુભાવો અને અધિકારીશ્રીઓનું નામ | કોર્ડીનેટરશ્રીનું નામ | સ્થળ ઇન્ચાર્જશ્રીનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૫/૦૯/૨૦૨૨ ના રોજ સમય : સવારે – ૯:૩૦ કલાકે | શેઠ.પી.ટી. આર્ટસ અને સાયન્સ કોલેજ, ગોધરા, જિ.પંચમહાલ | શ્રી રતનસિંહ રાઠોડ (માન. સાંસદશ્રી, ગોધરા-પંચમહાલ) તમામ ધારાસભ્યશ્રીઓ, પ્રમુખશ્રીઓ, જીલ્લાના હોદ્દેદારો, જી.પંચમહાલ | શ્રી સુજલ મયાત્રા માન. કલેકટરશ્રી પંચમહાલ, જીલ્લાના તમામ સંકલનના અધિકારીશ્રીઓ | શ્રી રાહુલ સાંગઠીયા મો.૯૧૭૩૬૪૬૪૦૦ શ્રી રાજેશ પારગી શ્રી પ્રજ્ઞેશ પટેલ શ્રી મિતેશ દેસાઈ શ્રી રાજેશ જાદવ | કુ. હંસાબેન ચૌહાણ મો. ૭૦૬૯૯૪૨૦૭૩ શ્રી અશ્વિનભાઈ પટેલ મો.૭૬૯૮૫૭૨૧૩૭ શ્રી મહાવીરસિંહ ડાભી મો. ૯૨૬૫૦૫૪૭૪૫ |
| ૨ | ૧૬/૦૯/૨૦૨૨ ના રોજ સમય : સવારે – ૧૦:૦૦ કલાકે | શ્રી એમ. એમ. ગાંધી આર્ટસ અને કોમર્સ કોલેજ, કાલોલ, જી.પંચમહાલ | કુ. કામીનીબેન સોલંકી માન.પ્રમુખશ્રી જિલ્લા પંચાયત. શ્રી રાજપાલસિંહ જાદવ, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખશ્રી, જિ.પંચમહાલ. | જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, જી.પંચમહાલ. જીલ્લા રમતગમત અધિકારીશ્રી, જી.પંચમહાલ. | શ્રી રાજેશ પારગી મો.૬૩૫૩૯૩૫૬૫૭ શ્રી સોહીલભાઈ વહોરા શ્રી બાબુ રાઠવા | શ્રી જયેશભાઈ પરમાર મો.૯૯૨૪૪૭૯૪૯૩ |
| ૩ | ૧૬/૦૯/૨૦૨૨ ના રોજ સમય : સવારે.૧૦.૦૦કલાકે | એમ એન્ડ વી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, હાલોલ જિ.પંચમહાલ | શ્રી જયદ્રથસિંહ પરમાર માન.ધારાસભ્યશ્રી હાલોલ | માન. જીલ્લા વિકાસ અધિકારીશ્રી ગોધરા જિ.પંચમહાલ. માન. પ્રાંત અધિકારીશ્રી હાલોલ, જિ.પંચમહાલ | શ્રી સુનીલભાઈ રાઠોડ મો.૯૬૮૭૯૫૬૮૨૦ | શ્રી સંજય જોશી મો.૯૯૭૪૯૫૫૧૭૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ સમય : બપોરે – ૧૦:૩૦ કલાકે | શ્રી સરકારી વિનયન આર્ટસ અને કોમર્સ કોલેજ, મોરવા હડફ જિ.પંચમહાલ | શ્રીમતિ નિમીષાબેન સુથાર માન.મંત્રીશ્રી (રા.ક.) આદિજાતી વિકાસ,આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ,ગુજરાત સરકાર | જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી પંચમહાલ-ગોધરા RFOશ્રી, મોરવા હડફ તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા. મોરવા (હ.) માન.મામલતદારશ્રી, મોરવા હડફ, તાલુકા પ્રમુખશ્રી, મોરવા હડફ પાર્ટી પ્રમુખશ્રી, મોરવા હડફ સરપંચશ્રી, મોરવા હડફ | શ્રી રાજેશ પારગી, જીલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, શ્રી મિતેશભાઈ દેસાઈ (કબડ્ડી કોચશ્રી) મો.૯૮૨૫૩૬૫૪૮૫ | શ્રી ડી.કમલભાઈ છાયા મો.૯૯૦૯૦૧૨૨૯૧ |
| ૫ | ૧૭/૦૯/૨૦૨૨ ના રોજ સમય : સવારે – ૦૯:૩૦ કલાકે | સરકારી કોલેજ જામ્બુઘોડા | મયંક દેસાઈ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી, ભાજપા પાર્ટી પ્રમુખશ્રી, જી.પંચમહાલ | તાલુકા વિકાસ અધિકારીશ્રી, તા.જાંબુઘોડા, | મમતા બારીઆ મો.૭૦૬૯૯૬૭૮૭ (એથ્લેટીક્સ ટ્રેનર) | શ્રી વિનોદ બારીઆ ૯૫૫૮૫૭૮૭૬૭ |

(સહી) ન્યાયાધ્ય
અધ્યક્ષ
અને કલેક્ટરશ્રી,
ગોધરા પંચમહાલ

## સમિતિની રચના

તા: ૧૨/૦૯/૨૦૨૨

વિષય:- " ૩૬માં નેશનલ ગેમ્સ એવરનેસ કેમ્પેઈન " અને નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવણી નિમિત્તે આયોજન અને સંચાલન માટે જીલ્લા કક્ષા/તાલુકા કક્ષા/ગ્રામ્ય કક્ષાની અમલીકરણ સમિતિની રચના કરવા બાબત.

સવિનય સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, " ૩૬માં નેશનલ ગેમ્સ એવરનેસ કેમ્પેઈન " અને નેશનલ સ્પોર્ટ્સ ડે ઉજવણી ભારત દેશમાં થતી હોય. જેમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં ૩૬માં નેશનલ ગેમ્સ એવરનેસ કેમ્પેઈન પ્રોગ્રામ વિવિધ જીલ્લામાં ઉજવણી થનાર હોય જેમાં જીલ્લા કક્ષા/તાલુકા કક્ષા/ ગ્રામ્ય કક્ષાએ સ્પોર્ટ્સ પ્રત્યે વાતાવરણ બને અને પ્રતિભા ખેલાડીઓનું મુખ્ય મહેમાન દ્વારા સન્માન થાય અને પ્રોત્સાહન મળે તથા શારીરિક અને માનસિક રીતે મજબુત બને તે માટે જીલ્લાકક્ષા/તાલુકા કક્ષા/ નગરપાલિકા અને ગ્રામ્ય કક્ષામાં પ્રોગ્રામ અંતર્ગત ઉજવણી નિમિત્તે આયોજન અને સંચાલન હેતુથી અમલીકરણ સમિતિની રચના નીચે મુજબ કરવામાં આવેલ છે.

| ગ્રામ્ય | તાલુકા | જીલ્લા | નગરપાલિકા |
|---|---|---|---|
| સરપંચશ્રી અધ્યક્ષ | પ્રાંત અધિકારીશ્રી અધ્યક્ષ | માન. કલેકટર સાહેબશ્રી અધ્યક્ષ | મ્યુનિ. કમિશનરશ્રી અધ્યક્ષ |
| માધ્યમિક શાળાના આચાર્યશ્રી સભ્ય | મામલતદારશ્રી કન્વીનર | જીલ્લા વિકાસ અધિકારીશ્રી, ઉપાધ્યક્ષ સભ્ય | ડે. મ્યુનિ. કમિશનરશ્રી સભ્ય |
| પ્રાથમિક શાળાના આચાર્યશ્રી સભ્ય | તાલુકા વિકાસ અધિકારીશ્રી સભ્ય સચિવ | વાઈસ ચાન્સેલરશ્રી યુનિવર્સીટી સભ્ય | નાયબ પોલીસ કમિશનરશ્રી સભ્ય |
| તલાટીકમ મંત્રીશ્રી સભ્ય સચિવ | બી.આર.સી.શ્રી સભ્ય | પોલીસ અધિક્ષકશ્રી સભ્ય | મહાનગર નામાંકિત શાળા આચાર્યશ્રી સભ્ય |
| | સી.આર.સી.શ્રી સભ્ય | જીલ્લા શિક્ષણાધિકારીશ્રી, સભ્ય | જીલ્લા રમત વિકાસ અધિકારીશ્રી સભ્ય સચિવ |
| | | જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી સભ્ય | જીલ્લા રમતગમત અધિકારીશ્રી સભ્ય |
| | | જીલ્લા રમત વિકાસ અધિકારીશ્રી સભ્ય સચિવ | |
| | | જીલ્લા રમતગમત અધિકારીશ્રી સભ્ય | |
| | | નહેરુ યુવા કેન્દ્ર, સભ્ય | |